રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક યોજાઈ: ૨૧૦ કરોડના વિકાસ કામોને બહાલી

વોર્ડ નં.૧ (ઘંટેશ્વર)માં ૫.૯૫ કરોડના ખર્ચે નવી ડી.આઈ. પાઈપલાઈન નખાશે, ૬.૪૮ કરોડના ખર્ચે ૯ મિની ફાયર ફાઈટર વાહનો ખરીદાશે ★ મનસુખભાઈ છાપિયા ટાઉનશીપની દુકાનોની હરાજી, ફૂટબોલ ગ્રાઉન્ડ કોચિંગ માટે અને ફૂડકોર્ટનું સંચાલન ભાડે આપીને મનપા ૩.૮૧ કરોડની આવક કરશે

રાજકોટ ૨૧ જકાટે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આજે ચેરમેનના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના વિવિધ વોર્ડના આંતરમાળખાગત વિકાસ માટે રજૂ થયેલી તમામ ૬૬ દરખાસ્તોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી છે. કમિટીએ કુલ રૂ.૨૧૦ કરોડના ખર્ચના કામોને લીલી ઝંડી આપી છે, જ્યારે મનપાની મિલકતોના વેચાણ અને લીઝ દ્વારા રૂ.૩.૮૧ કરોડની આવક ઊભી કરવાનું લક્ષ્ય પણ નિર્ધારિત કર્યું છે.

રાજકોટ શહેરના પાણી પુરવઠા માળખાને વધુ મજબૂત બનાવવા માટે આજી ડેમ પાસે ૭૫ એમએલડી (મિલિયન લિટર પ્રતિ દિવસ) ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનશે અને પાઈપ લાઈન નાખવામાં આવશે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે કુલ રૂ. ૬૦.૪૧ કરોડનો ખર્ચ થશે. આ યોજના અમલમાં આવ્યા બાદ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારના લોકોને લાંબા સમયથી અનુભવાતી પાણીની અછતમાંથી મોટો રાહત મળશે.આ પ્રોજેક્ટ અંતર્ગત આજી ડેમ પાસે આધુનિક ટેક્નોલોજીથી સજ્જ પાણી શુદ્ધિકરણ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવશે. ઉપરાંત, પાણી શહેર સુધી પહોંચે તે માટે નવી પાઈપલાઈન બિછાવવામાં આવશે. પ્લાન્ટમાંથી શુદ્ધ થયેલું પાણી સીધું જ સેન્ટ્રલ ઝોનના વિવિધ વિસ્તારોમાં પહોંચાડવામાં આવશે, જેના કારણે નિયમિત અને પૂરતું પાણી પુરવઠો સુનિશ્ચિત થશે. વોર્ડ નં. ૧૨ માં 'મનસુખભાઈ છાપીયા ટાઉનશીપ' ના શોપિંગ સેન્ટરની દુકાનો જાહેર હરાજીથી વેચવાની મંજૂરી અપાતા પાલિકાને મોટી આવક થશે. કુલ મળીને વિવિધ પ્રોજેક્ટ્સ દ્વારા પાલિકા રૂ.૩.૮૧ કરોડની આવક ઊભી કરશે. વોર્ડ નં. ૧ (ઘંટેશ્વર) અને વોર્ડ નં. ૭, ૧૪, ૧૭ ના વિસ્તારોમાં નવી ડી.આઈ. પાઈપલાઈન નાખવા માટે કરોડોનો ખર્ચ કરાશે. ફાયર વિભાગ માટે ૭૨ લાખના ખર્ચે ૧૦ નવી બોટ અને ૬.૪૮ કરોડના ખર્ચે ૯ મિની ફાયર ફાઈટર વાહનો ખરીદવામાં આવશે. ૩.૭૧ કરોડના ખર્ચે ન્યૂ રિંગ રોડ પર આકર્ષક એન્ટ્રી ગેટ બનશે

રાજકોટમાં પ્રવેશતી વખતે પ્રવાસીઓ પર શહેરની પ્રથમ

તસવીર : દિલિપ ગોહેલ

છાપ મજબૂત પડે તે માટે વેસ્ટ ઝોનમાં જામનગર રોડ અને નવા ૧૫૦ ફૂટ રિંગ રોડના જંક્શન પર એક આકર્ષક એન્ટ્રી ગેટ બનાવવામાં આવશે. ૩,૭૧,૦૮,૭૦૭ના ખર્ચે નિર્માણ પામનાર આ ગેટ ૧૧૩.૦૦ રનીંગ મીટરનું છઈઈ સ્ટ્રક્ચર ધરાવતો હશે. જેની દરખાસ્ત આજે સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર કરવામાં આવશે.

માધાપરમાં રૂ.૧.૬૦ કરોડના ખર્ચે બનશે અત્યાધુનિક 'ડોગ ફેન્ડલી સેન્ટર' અને સ્ટાફ ક્વાર્ટર

રાજકોટ શહેરમાં રખડતા શ્વાનોના નિયંત્રણ અને પશુ કલ્યાણની પ્રવૃત્તિઓને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે મહાનગરપાલિકા દ્વારા એક મહત્વનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. શહેરના વોર્ડ નં. ૩ માં માધાપર વિસ્તારમાં આવેલા હૈયાત એનિમલ હોસ્ટેલ ખાતે નવું 'ડોગ ફેન્ડલી સેન્ટર' અને ત્યાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે સ્ટાફ ક્વાર્ટર બનાવવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ રૂ.૧,૬૦,૧૪,૭૭૨/- (અંદાજે ૧.૬૦ કરોડ) ના ખર્ચને બહાલી આપી છે.

રાજકોટ મહાનગરપાલિકા મહેકમ ખર્ચને પહોંચી વળવા રૂ.૨૦૦ કરોડની લોન લેશે

સફાઈ કામદારોના કિસ્સામાં રહેમરાહે નોકરી આપવાના નિયમોમાં સુધારો કરી માનવીય અભિગમ અપનાવાયો છે. ફાયર વિભાગ માટે ૧૦ નવી બોટ અને ૯ મિની ફાયર ફાઈટર વાહનો ખરીદવામાં આવશે. મહાપાલિકાના વિકાસ કામોમાં નાણાની કમી ન આવે તે માટે રૂ.૨૦૦ કરોડ સુધીની લોન અથવા લાઈન ઓફ ક્રેડિટ લેવાની સત્તા કમિશનરને આપવામાં આવી છે. આ ઉપરાંત, કર્મચારીઓની બઢતી અને પગાર સુધારાની દરખાસ્તોને પણ મંજૂરી આપી દેવામાં આવી છે. મનસુખભાઈ છાપીયા ટાઉનશીપની દુકાનોની હરાજી કરીને રૂ.૩.૪૨ કરોડની આવક કરશે. રેસકોર્ષ સ્થિત ફૂટબોલ ગ્રાઉન્ડ કોચિંગ માટે ભાડે આપી રૂ.૧૬.૬૧ લાખ અને પ્રાણીઉદ્યાન નજીક ફૂડકોર્ટનું સંચાલન ભાડે આપશે જેમાંથી રૂ.૧૦.૭૨ લાખની આવક ઉભી કરશે. રાજકોટમાં અત્યારે અમૃત ૨.૦ યોજના હેઠળ રૂપિયા ૧૨૭૪.૫૫ કરોડના વિકાસ કામો ચાલી રહ્યા છે. મનપાએ પોતાના ફાળા પેટે રૂ. ૪૮૨.૩૩ કરોડ આપવાના રહે છે. જેમાંથી રૂ. ૧૦૦ કરોડ મ્યુનિસિપલ બોન્ડથી મેળવાયા છે. વધતા જતા મહેકમ ખર્ચને પહોંચી વળવા માટે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ રૂ. ૨૦૦ કરોડની લોન લેવા માટે દરખાસ્ત કરી છે.

રણછોડનગરની શાળાનું મકાન ૨૫૦૦ના માસિક ટોકન દરે ૩૦ વર્ષ માટે લીઝ પર અપાશે

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જૂના વિસ્તારોમાં શિક્ષણ સંસ્થાઓના મકાનોના શ્રેષ્ઠ ઉપયોગ માટે એક મહત્વની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે. વોર્ડ નં. ૦૫ (જૂના વોર્ડ નં. ૦૭) ના રણછોડનગર શેરી નં. ૧૦ ખાતે આવેલું પાલિકાની માલિકીનું માધ્યમિક શાળાનું મકાન હવે શૈક્ષણિક હેતુ માટે ફાળવવામાં આવશે. આ મકાન માત્ર ૨૫૦૦ના માસિક ટોકન દરે ૩૦ વર્ષની લાંબી લીઝ પર આપવાનો નિર્ણય લેવાયો છે. પાલિકાના આ પગલાથી વિદ્યાર્થીઓને સ્થાનિક સ્તરે ગુણવત્તાયુક્ત શિક્ષણની વધુ સારી સુવિધા મળી રહેશે અને સરકારી મિલકતનો લોકહિતમાં સદુપયોગ થશે.આ દરખાસ્ત છેલ્લી ચાર સ્ટેન્ડિંગ બેઠકથી પેન્ડિંગ રહેતી હતી. જ્યારે આજે દરખાસ્તને મંજૂર કરી દેવામાં આવી છે. અગાઉ ૨૫૧ રૂપિયાના લીઝ પર ભાડે આપવામાં આવી હતી. જ્યારે આ વખતે તેમાં ૧૦૦ ટકાનો વધારો કરીને રૂપિયા ૨૫૦૦ના માસિક ટોકન દરે ૩૦ વર્ષ માટે લીઝ પર આપવામાં આવી છે.

સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલી મુખ્ય દરખાસ્તો

★ ૪૮ લાખના ખર્ચે મહિલા કોલેજ અંડરબ્રિજથી જનકલ્યાણના નાલા સુધી પાઈપ ગટરનું કામ

★ અંબિકા ટાઉનશીપમાં ૧૮.૨૬ લાખના ખર્ચે પેટા વોર્ડ ઓફિસ બનશે

★ા ૨.૦૬ કરોડના ખર્ચે કણકોટ રોડથી ન્યારી ડેમના રોડને ડેવલપ કરાશે

★મવડીના સવન ચોકમાં ૧.૦૨ કરોડના ખર્ચે

નવું ગાર્ડન બનાવાશે

★ નાકરાવાડી સાઈટ માટે ૬૮.૪૫ લાખના ખર્ચે ૨ લોડર બેકહો વાહન (જેસીબી) ખરીદાશે

★ માધાપર વિસ્તારમાં ૧.૭૩ કરોડના ખર્ચે શેરીઓ અને રસ્તામાં મેટલિંગનું કામ કરાશે

★ા વોર્ડ નં-૧૪માં નટેશ્વર મંદિરથી લક્ષ્મીવાડી પુલ સુધી વોકળામાં ૨.૯૪ કરોડના ખર્ચે સીસીનું કામ

★ રૈયાધાર વિસ્તારમાં મારવાડીવાસથી ડ્રીમ સિટી રોડ સુધી ડી.આઈ. પાઈપલાઈન બિછાવાશે

★ આજી ડેમ વાલ્વ ટાવર અને બેડી ફિલ્ટર પ્લાન્ટ સુધી ૮.૩૧ કરોડના ખર્ચે પાઈપલાઈન પથરાશે

★ વોર્ડ નં-૧૧માં ૪.૧૩ કરોડના ખર્ચે પેવિંગ બ્લોક નખાશે

★ નાનામવામાં બાલાજી હોલથી ધોળકિયા સ્કૂલ સુધી ૨.૮૫ કરોડના ખર્ચે સીસી રોડ બનશે

રાજકોટના ઇન્ટરનેશનલ એરપોર્ટમાં રવિ-સોમ ૫૦ ચાર્ટર્ડ ફ્લાઇટ લેન્ડ થશે

દેશ-વિદેશના ઉદ્યોગ માંધાતાઓ - રાજદ્વારીઓ સહિતના વી. વી. આઇ. પી. નુ સતત બે દિવસ આવાગમન

રાજકોટ, રાજકોટમા આગામી તા. ૧૧ જાન્યુઆરીથી શરૂ થનાર રિજીયોનલ વાઈબ્રન્ટ સમિટમા ભારત ઉપરાંત અન્ય ૪૦ દેશનાં ડેલિગેટસ , ઉદ્યોગ માંધાતાઓ અને રાજદુો હાજર રહેનાર છે ત્યારે રાજકોટની ભાગોળે હિરાસર એરપોર્ટ ઉપર તા. ૧૧ અને તા. ૧૨ જાન્યુઆરી દરમિયાન બે દિવસ વિમાનોનો ટ્રાફિક જામ રહે તેવી સ્થિતિ સર્જાય તેમ છે આ બે દિવસ દરમિયાન રાજકોટથી દેશનાં અન્ય શહેરોમા આવન-જાવન કરતી વિવિધ એરલાઇન કંપનીઓની ૧૨ ફલાઇટ ઉપરાંત ૫૦ જેટલી ચાર્ટડ ફલાઇટ પણ ઉતરાણ કરનાર છે.

સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ હિરાસર એરપોર્ટ ઉપર તા. ૧૧ અને તા. ૧૨ દરમિયાન કુલ ૫૦ ખાનગી વિમાનોનાં લેન્ડિંગ-ડિપાર્ચર માટે મંજુરી માંગવામા

આવી છે આ .પરાંત એક ડઝન જેટલા હેલિકોપ્ટરની પણ સતત મુવમેન્ટ રહેનાર છે.

એરપોર્ટનાં સુત્રોનાં કહેવા મુજબ હિરાર એરપોર્ટ ઉપર તા. ૧૦ જાન્યુઆરીથી જ વી.વી.આઇ.પી. મુવમેન્ટ શરૂ થઇ જનાર છે વડાપ્રધાન મોદી તા. ૧૦ મીએ બપોર બાદ હિરાસરમા લેન્ડિંગ કરશે ત્યારબાદ પી.એમ. નુ એર ઇન્ડિયા-વન વિમાન તા. ૧૧ મીએ મોડી સાંજ સુધી હિરાસર એરપોર્ટ ઉપર જ રહેશે જયારે વડાપ્રધાન અને સુરક્ષા કાફલો હેલિકોપ્ટર મારફત રાજકોટ-સોમનાથ વચ્ચે અવર જવર કરશે. આ ઉપરાંત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનુ વિમાન અને વડાપ્રધાનનાં સિકયોરિટી સ્ટાફનાં વિમાન-હેલ્કિોપ્ટરોનાં કાફલાનો બેઝ પણ હિરાસર એરપોર્ટ ઉપર જ રહેશે.

જયારે તા. ૧૧ મીએ બપોર બાદ રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટનાં ઉદઘાટનનાં દિવસે સવારથી દેશ-વિદેશનાં ઉદ્યોગ માંધાતાઓ , ડેલિગેટસ તેમજ રાજદ્વારીઓ પણ રાજકોટ આવનાર હોય , તા. ૧૧ અને ૧૨ જાન્યુઆરીનાં રોજ ૫૦ થી વધુ ચાર્ટર્ડ ફલાઇટનાં લેન્ડિંગ – ડિપાર્ચરની મંજુરીઓ માંગવામા આવી છે આ માટે એરપોર્ટ ઓથોરિટી દ્વારા વિશેષ સ્ટાફ સહિતની વ્યવ્સથા પણ કરવામા આવી છે.રાજકોટમા આગામી તા. ૧૧ મીથી શરૂ થનાર વાઈબ્રન્ટ સમિટમા હાજર રહેનાર સતાવાર મહેમાનો અને મહાનુભાવો માટે ૪૦૦ જેટલી કાર અને સરકીટ હાઉસ , સરકારી ગેસ્ટ હાઉસ ઉપરાંત ૧૫ જેટલી હોટલોમા ૩૫૦ રૂમ બુક કરવામા આવ્યા છે. સતાવાર સુત્રોએ જણાવ્યુ હતુ કે , મહાનુભાવોની કેટેગરી મુજબ કાર અને હોટલની પસંદગી કરવામા આવી છે . વાહનોમા ૨૭૦ ઇનોવા તથા ૧૨૦ સેડાન કારની વ્યવસ્થા કરાઇ છે . તમામ વાહનોનાં ડ્રાઇવરોને ખા પાસ આપવામા આવશે અને મહાનુભાવોને તેનાં ઉતારાથી વાઇબ્રન્ટ સમિટ સુધી લાવવા-પરત લઇ જવા તેમજ અન્ય નિયત કરેલા સ્થળોએ પહોંચાડવાની જવાબદારી સોંપાઇ છે દરેક મહાનુભાવ સાથે લાઇઝનિંગ ઓફિર્સ પણ હાજર રહેશે.

રાજકોટમાં રોયલ વણિક મેરેજ બ્યુરો દ્વારા પરિચય મેળાવડો યોજાયો

રાજકોટ, ભારતભરમાં જેનું ૨૦૦૧ થી ભવ્ય નામ છે અને વર્ષો થયા આધ્યાત્મિક અને સામાજિક એવમ મેડિકલ, શૈક્ષણિક કાર્યક્રમ આ સંસ્થા દ્વારા ભારતભર માં શરુ કરવામાં આવ્યા છે. નવનાતના વિશ્વ વણિક સંગઠનના ઉપક્રમે રોયલ વણિક મેરેજ બ્યૂરોના સમન્વય સાથે પસંદગી મેળાવડોનું આયોજનતા.૨૮/૧૨/૨૫ને રવિવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું આ પરિચય મેળાવડામાં ૪૦૦ થી વધુ નવનાત વણિક પરિવારના સભ્યોએ રોયલ વણિક મેરેજબ્યૂરોમાં ભાગ લીધેલ હતો.

શ્રી રોયલ વણીક મેરેજ બ્યુરોનાં આ યુવા પરીચય મેળાને સફળ બનાવવા જૈન અગ્રણી ચંદ્રકાંતભાઇ શેઠની આગેવાની હેઠળપરેશભાઇ મહેતા, નયનાબેન મોદી,રિધ્ધિબેન બાવીસી, મુકેશભાઇ ઝાટકિયા,જીતુભાઈ શેઠ, ચેતનભાઈ વખારીયા,ચંદ્રેશભાઇ કોઠારી, વંદીતભાઈ શેઠ,હર્ષભાઈ ગોડા,રમેશભાઈ શેઠ, નિલેશભાઈ શેઠ, તનસુખભાઈ સંઘવી, નિલેશભાઈ ગાંધી, વિધિબેન મહેતા સહિત અનેક કાર્યકર્તાઓએ સેવા આપી હતી. શેઠ ઉપાશ્રયના સેક્રેટરી નયનાબેન મોદી તથા હર્ષલભાઈ માંકડએ મોટીવેશન સ્પીચ આપીને ઉમેદવારોના દિલ જીતી લીધા હતા. મેયર નયનાબેન પેઢદિયા તથા ચેરમેન ચંદ્રકાંતભાઈ શેઠ, મેહુલભાઈ રવાણી, હર્ષલભાઈ માંકડ, નયનાબેન મોદી, રિદ્ધિબેન બાવીસી, દીપકભાઈ કોઠારીએ દીપ પ્રાગટ્ય કરેલ હતું. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન દીપકભાઈ કોઠારી અને રિધ્ધીબેન બાવીસી કરેલ હતું. આ ઉપરાંત મેરેજ બ્યૂરો દ્વારા વેબ સાઇટ પર ઓનલાઈન જોઇન્ટ થવાની સગવગડતા આપેલી છે.

રાજકોટમાં સરગમ યોજીત વિનામુલ્યે જયપુર ફુટ કેમ્પ સંપન્ન

૩૪ દર્દી કેલીપર્સના અને ૩૯ દર્દી પગના દર્દીઓએ લાભ લીધો

રાજકોટ, સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશન તેમજ એચ.પી. હેતલભાઈ રાજયગુરૂના સંયુકત ઉપક્રમે ત્રિ-દિવસીય જયપુર ફુટ કેમ્પ યોજવામાં આવ્યો. હતો. જેમાં ૭૩ દર્દીઓએ ભાગ લીધો હતો. ૩૪ દર્દી કેલીપર્સના અને ૩૯ દર્દી પગના હતા. જરૂરતમંદોને વિનામુલ્યે કૃત્રિમ પગ આ કેમ્પ દરમિયાન બેસાડી અપાય છે.

સમગ્ર કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ હેતલભાઈ રાજયગુરૂના સહયોગથી કમાણી ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે. કે. સરાઠે તથા સરગમ કલબના કમીટી મેમ્બર અનવરભાઈ ઠેબા, કનૈયાલાલ ગજેરા, કૈલાશબા વાળા, આશાબેન ભુછડા, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબિન પીઠડીયા, દિવ્યાબેન ઉમરાણીયા, હર્ષાબેન કથ્રેચા, નીશાબેન વડગામા, મધુરીકાબેન જાડેજા, ભાવનાબેન મહેતા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

રવિવારે રાજકોટમાં રહેતા અમરેલી જિલ્લા લેઉવા પટેલ પરિવારજનોનું સ્નેહમિલન

રાજકોટ, અમરેલી જીલ્લાના રાજકોટમાં વસ્ત લેઉવા પટેલ સમાજને એક તાંતણે જોડવા માટે અમરેલી જીલ્લા લેઉવા પટેલ પરિવાર - રાજકોટ દ્વારા સ્નેહમિલન, મહાનુભાવોનું સન્માન તથા વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ તા. ૧૧ રવિવાર બપોરે ૩:૩૦ કલાકે શનેશ્વર પાર્ટી પ્લોટ, મવડી પાળ રોડ, રાજકોટ ખાતે યોજાશે. સાંસ્કૃતિક કાર્યક્રમ, મહેમાનોનું સન્માન, વિશિષ્ટ મહાનુભાવોનો સન્માન અને શિક્ષણ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનો બહુમાન કરવામાં આવશે. તેમજ વડીલોના આર્શીવચન સાથે નવી પેઢી સુધી સંસ્કાર, સંઘર્ષ અને સફળતાની પ્રેરણાદાયી વારસાગાથા પહોંચાડવાનો પ્રયાસ રહેશે. જાણીતા મોટીવેશનલ સ્પિાકર, લેખક તેમજ ગુજરાત સરકારના પૂર્વ કલાસ-૧ અધિકારી શૈલેષભાઈ સગપરીયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. એક રીંગ હાર્દિક સોરઠીયા કરશે.

આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ ચીમનભાઈ હપાણી, ચતુરભાઈ સોરઠીયા, શિવલાલભાઈ ભંડેરી ધીરૂભાઈ દુધાત, પ્રતાપભાઈ વસાણી, જી. એમ. માંગરોળીયા તથા ખ્યારતનામ ધારાશાસ્ત્રી શ્રી દિલીપભાઈ પટેલ, વિશ્વ હિંદુ પરિષદના પ્રમુખ કૌશીકભાઈ સરધારા, રાજકોટ વકીલ મંડળના પ્રમુખ સુમિતભાઈ વોરા, વેપારી અગ્રણી ગુણવંતભાઈ પાનસુરીયા, મનીષભાઈ નાકરાણી, ધર્મેશભાઈ કાપડીયા વિગેરે હાજરી આપશે. ''એકતાના ઉત્સતવ'' ને સફળ બનાવવા માટે અમરેલી જીલ્લા લેઉવા પટેલ પરિવારના તમામ ૫૮ કમિટી મેમ્બર્સ દ્વારા આમંત્રણ પાઠવાયું છે.

રાજુલાના વિસળીયા ગામે કેન્સરની બીમારીના ડરે મહિલાએ જીવન ટૂંકાવ્યું

અમરેલી અમરેલી જિલ્લામાં અપમૃત્યુની વધુ ત્રણ ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. રાજુલા તાલુકાના વિસળીયા ગામે એક કરુણ ઘટના સામે આવી હતી. મોઢામાં પડેલી ચાંદી જો કેન્સરની હશે તો શું થશે? તેવી સતત ચિંતા અને ગભરાટમાં રહેતા એક મહિલાએ ઝેરી દવા પીને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. એ ભલભાઈ ગોવિંદભાઈ બારૈયા (ઉ.વ.૩૦) એ જાહેર કર્યા મુજબ, મનુબેન એભલભાઈ બારૈયા (ઉ.વ.૩૦)ને છેલ્લા કેટલાક સમયથી મોઢાના ભાગે ચાંદી પડી હતી. આ સામાન્ય દેખાતી ચાંદી કેન્સરની તો નહીં હોય ને? અને જો કેન્સર થશે તો આગળ શું થશે? તેવી નકારાત્મક ચિંતામાં તેઓ સતત ડૂબેલા રહેતા હતા. બીમારીના આ ડર અને માનસિક તણાવને કારણે તેમણે આત્મઘાતી પગલું ભરવાનું નક્કી કર્યું હતું. પોતાની બીમારીના ભવિષ્યને લઈને ચિંતિત આ મહિલાએ પોતાના ઘરે કોઈ ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું કરુણ મૃત્યુ નિપજ્યું હતું. આ ઘટનાને પગલે વિસળીયા ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી.

રાજકોટ જિલ્લા પંચાયતના કાર્યક્ષેત્રમાંથી ૨૦૦ બસ ભરી લોકોને સોમનાથ લઇ જવાશે

રાજકોટ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તારીખ ૧૧ રવિવારે સોમનાથ આવી રહ્યા છે શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે ભાજપ દ્વારા તે દિવસે મોટી સંખ્યામાં કાર્યકરો અને લોકોને સોમનાથ લઈ જવાનુ આયોજન છે .આ અંગે આજે સોમનાથ ખાતે પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા અને કષિ મંત્રી શ્રી જીતુ વાઘાણીએ ભાજપના ચૂંટાયેલા સભ્યો અને પાર્ટીના પદાધિકારીઓની બેઠક બોલાવી માર્ગદર્શન આપ્યું હતું જેમાં રાજકોટ જિલ્લા પંચાયતના કાર્યક્ષેત્રમાંથી ૨૦૦ મોટી બસ ભરી સોમનાથ જવાનું કહેવામાં આવ્યું છે.

તે દિવસે સવારે ૯ વાગે તમામ બસ સોમનાથ પહોંચે તેવી રીતે પાર્ટી અને પંચાયતના પદાધિકારીઓએ આયોજન કરવાનું રહેશે. બસ દીઠ સરેરાશ ૫૦ થી ૬૦ મુજબ કુલ ૧૦ થી ૧૨ હજાર લોકોને ત્યાં લઈ જવાના છે .બસ તેમજ ભોજનની વ્યવસ્થા પાર્ટી તરફથી કરવામાં આવશે વડાપ્રધાન તે દિવસે સોમનાથ મહાદેવની પૂજા કરશે.

સોમનાથમાં ભાજપ દ્વારા શક્તિક પ્રદર્શનરૂપ આ કાર્યક્રમનું આયોજન થતાં તેની તડામાર તૈયારી ચાલી રહી છે. સોમનાથમા જુદા જુદા વિસ્તારના અલગ ડોમ બનાવવામાં આવશે .કયા જિલ્લામાંથી કેટલી સંખ્યા થઈ તેની નોંધ લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ જિલ્લા પંચાયતમાં ૧૧ તાલુકાઓની ૩૬ જિલ્લા પંચાયત બેઠકોનો સમાવેશ થાય છે જેમાં ૩૦ સભ્યો ભાજપના છે.